## સુંદરજી          Chap-14

કવિ સુંદરજી વિરચિત 'સિં.બ'ની હસ્તપ્રત, ગુજરાત વિદ્યાસભા-અમદાવાદ-માંથી મળી આવી છે. એનો નં. ૯૯૦ છે અને એની પત્ર સંખ્યા ૭૨ છે. સં.૧૭૯૪માં રચાયેલી કવિ સુંદરજીની આ 'સિં.બ' આખ્યાન આ પહેલાં જોઈ ગયા તે કૃતિઓની તુલનાએ કેટલીક રીતે જુદા પ્રકારની અને વિશિષ્ટ છે. કવિ બ્રાહ્મણ છે અને પોતાનો વિગતે પરિચય આપતાં વાર્તાને અંતે કહે છે એ પ્રમાણે એના કુળમાં સંસ્કૃતના અને વૈદિક કર્મકાંડના પરંપરાગત સંસ્કાર ઉતરી આવેલા છે. આ સંસ્કારો અને કવિનું ભાષા ઉપરનું પ્રભુત્વ આ વાર્તામાં સર્વવ્યાપક છે. એટલે કવિની સમગ્ર કૃતિ એક સંપૂર્ણ કલાકૃતિ છે. કવિને સ્વાભાવિક રીતે જ પોતે ભાષામાં કાવ્યરચના કરે છે તેનો સંકોચ છે અને એ ખબર કે કેમ તે બાબત થોડી ચિંતા પણ છે. 'ભાષા માંહે ગ્રંથ કરીને જસની મનસા રાખું જું', અને અત્યાર સુધી આ કૃતિ તરફ મોટા ભાગના અભ્યાસીઓનું ધ્યાન ગયું નથી એ વાત સાચી છે, છતાં કૃતિની ગુણવત્તા સમગ્ર રીતે જોતાં કવિને આ પ્રકારની ચિંતા રાખવાનું કોઈ કારણ જણાતું નથી.

અત્યાર પહેલાં 'સિં.બ' વિષયક જે કૃતિઓની આપણે સમીક્ષા કરી તેમાં અજ્ઞાત બ્રાહ્મણ કવિ, ગદ્યવાર્તાનો અજ્ઞાત લેખક, અજ્ઞાત રાજસ્થાની ગદ્યકાર અને સુંદરજી - આ ચાર જૈનેતર કવિઓ છે. જેની રચનાની હસ્તપ્રત નથી મળી શકી એ મધુસૂદન પણ જૈનેતર છે. પણ એ બધામાં આ કવિની કૃતિ સૌથી વધુ સમૃદ્ધ અને કલાકૃતિ તરીકે એક સુગ્રથિત વાર્તા છે.

કવિ વાર્તાની શરૂઆતમાં જ પ્રથમ શ્રી ગણપતિની, પછી ગુરુની અને પછી ભવાનીની સ્તુતિ કરે છે. બીજી કૃતિઓ કરતાં વિશિષ્ટ ગણાય એવું લક્ષણ તો કવિવંદના છે. વાર્તાની શરૂઆતમાં જ કવિ વાલ્મીકિ, વેદવ્યાસ, બૃહસ્પતિ, શુક્રાચારજ, નારદ, શુક, સૂતપુરાણી અને કાલિદાસ જેવા કવિઓને તે સ્મરે છે. એ ત્યારપછી પોતાના કુળનો પરિચય આપ્યો છે.૧

---

૧ કાશીવાસી નાગર બ્રાહ્મણ, અમદાવાદી નાત ।
સાધુ તણો શીષક સુંદર, જિસ ઘર હે વિખ્યાત ॥૮॥

હાસ વિનોદે વિનય ગાઉં, ગુરુ ગાયો મન ગાન ।
નિજ કુળની સ્તુતિ શી ભાખું, એકે એકે ગુણવાન ॥૯॥

જે કુળ માંહે સહુને મુખડે સંસ્કૃત વાણી છાજે ।
બાલક જે નાના મોટા ભાષા બોલતાં લાજે ॥૧૦॥

ભાષા કવિત કરી તે કુળમાં હું મહામૂર્ખ અજ્ઞાન ।
ગુરુ પ્રસાદે હિત આણી સહુ કરો બહુ સનમાન ॥૧૧॥

આગળ પણ, વાર્તાને અંતે કવિ પોતાનો પરિચય વિસ્તારપૂર્વક રજૂ કરે છે:-

વડનગરા નાગર આભ્યંતર, અમદાવાદી નાંમ જી।
વડોદરું કવિજનનું સ્થાનક ત્યહાં મારો ગાંમ જી ॥૧૫॥
દીક્ષિત ત્યાંહાંના અતિ સંતોષી ધરમ કરમમાં પ્રમાણ જી।
દયાવંત હિત સહુથી રાખે, વિદ્યા ભણાવે પુરાણ જી ॥૧૬॥
ગુરુ વિના કોને નહિ શિર નામે, માન જડે રસિયાલ જી।
વસિષ્ઠના કુલમાંહી પ્રગટ્યા કલ્યાણ દીક્ષિત ખ્યાલ જી ॥૧૭॥
દશ પુત્રો સુત ભયોને આપ્યા, કીધો કાશી વાસ જી।
સુત તેહના આદેવ જે જાણો શાસ્ત્ર વિલાસ જી ॥૧૮॥
- - - - - - - -
તેણે બહુ પરિવાર દેખો સુત મુખ્ય સુજન ગુણધામ જી।
તેહમાં એક ધુરંધર દીક્ષિત હરિહર નામ જી ॥૨૦॥
મહા પ્રતાપી વિદ્યામાં પૂરા, નાગરનાગરમાં ખ્યાત જી।
બુદ્ધિ બલેથી રાજભવનમાં ધન લાવે બહુ ભાંત જી ॥૨૧॥
ચાર પુત્ર તેહને થયા તેહમાં એક વિષ્ણુદેવ જી।
ગુણ ગંભીર સ્વભાવે શીતલ કરે દેવની સેવ જી ॥૨૨॥
ક્ષમા દયાને ધીરું બોલે વિદ્યાવેદ નિધાન જી।
નિત્ય ધર્મ કરહિયે ન ચૂકે ચતુર મહા ગુણવાન જી ॥૨૩॥
તેહ તણો સુત હું છું - - - - -
ગુણીજનનો કિંકર જ્ઞાતિ સેવક સુંદર નામ જી ॥૨૪॥

પૂર્વોક્ત જૈન કવિઓની તુલનાએ આ કવિનું માનસ, સ્વાભાવિક રીતે જ બ્રાહ્મણ પરંપરાની અસરથી પરિપ્લુત છે. એના આરંભિક વર્ણનમાં એ ભગવાન શિવનો મહિમા ગાય છે. ૧૫મી વાર્તામાં પણ શિવની સ્તુતિ આપી છે, અને ૨૧મી વાર્તામાં અષ્ટ મહાસિદ્ધિઓને પણ સદા શિવની સેવા કરતી વર્ણવી છે. દુઃસ્વપ્નની ૨૩મી વાર્તામાં વિક્રમને રાત્રે દુઃસ્વપ્ન આવતાં તે દુર્ગાના નામનું સ્મરણ કરે છે. પ્રાસ્તાવિક વાર્તામાં પણ કવિ જુદી પરંપરાને અનુસર્યા છે. એમાં વિદ્યાધર શાપને કારણે ગંધર્વ બને છે તે બતાવ્યા પછી કવિ જૈન કથામાં આવતા ઉલ્લેખો તદ્દન ગાળી નાખે છે ને એને બદલે વાર્તા સીધી જ રજૂ કરે છે. ગંધર્વસેનનાં માતાપિતા, પ્રજાની સ્ત્રીઓનો મોહ, પ્રજાની ફરિયાદ, દેશવટો, વેશપલટાની કળા શીખવી, જૈન મુનિનું મળવું અને ભવિષ્ય ભાખવું અને જાતે જ ગર્દભ બનવું – આમાંનું કાંઈ જ સુંદરજી આપતો નથી. એને બદલે વિદ્યાધરને શાપ જ આપી દીધો છે કે

દિવસે એ ગર્દભરૂપે અને રાત્રે મૂળ સ્વરૂપે રહી શકે. આ સિવાય વાતમાં રાજ્ય ધરાવે છે. હોરકેલસીની માફક કવિ, ત્યારપછીની વિગતો આપે છે, જોકે કવિની શૈલી એની પોતાની વિશિષ્ટ છાપવાળી છે એ નોંધવું જોઈએ. વિદ્યાધરીની સાથે એનો મદનસેનાનો ભાગ, જ્યોતિષી પાસેથી પોતાનો ત્યાં પુત્ર જન્મે ત્યાં અને દૌહિત્ર રાજ્ય ભોગવશે એવું જાણીને દૌહિત્રને મારી નાખવાની યોજના ઘડે છે ત્યાર પછી મદનસેના સાથેનું તેનું વર્તન ખૂબ સ્વાભાવિક લાગે એવું છે. કવિ ત્યાર પછી વિક્રમનું જન્મચરિત્ર આપે છે અને એમાં એ કેવા ભાગ્યથી રાજ મેળવે છે તેની ઝીણીઝીણી વિગતો સરસ રીતે રજૂ કરે છે. વિક્રમના શૌર્યનું, ઔદાર્યનું, ધૈર્યનું અને પરાક્રમનું કવિએ કરેલું વર્ણન નોંધપાત્ર છે. પછી તો મીઠાં* ઓઢામાં ક્રમશઃ ભોજને જ્યારે સિંહાસનની અને તેના ઉપર બેસનાર ~~વિક્રમની~~ વિક્રમની વિગતની વાત કરે છે ત્યારે વિક્રમના ઉપરોક્ત ગુણોની પ્રતીતિ થાય છે. વિક્રમના સિંહાસનની પ્રાપ્તિ ભોજને કઈ રીતે થઈ તેનું સુંદરજીએ ભોજ કવિઓની માફક જ વર્ણન કર્યું છે ત્યાં કેટલાક નાના નાના ફેરફારો જોવા મળે છે. આગળી કૃતિમાં લગભગ બધી ભાગ આવી પ્રાસ્તાવિક વાતોમાં રોકાયેલો છે.

પૈસો ખેતરનો માલિક બ્રાહ્મણ જાતે જ ભોજ પાસે આવે છે જે માળા ઉપર ચઢે ત્યારે અત્યંત ઉદારતાની ને નીચે ઉતરે ત્યારે મૂળ સ્વભાવની પ્રતીતિ થાય છે એ પોતાનો ટુકડો ઉકેલી આપવા ભોજને વિનંતી કરે છે. ભોજ પંડિતોની સાથે ત્યાં જાય છે અને તેને પણ એવો અનુભવ થાય છે. તે ખેતર ખરીદી લે છે, ખોદાવે છે ને તેમાંથી સુંદર ને તેજસ્વી સિંહાસન નીકળે છે. નામ સિંહાસનને બલિદાન આપવાથી એમને તેની પૂજા કરવાની તક આવે છે. કવિએ આ વાત ખૂબ જ સંક્ષેપમાં પતાવી છે. ભર્તૃહરિની વાત પણ સંક્ષેપમાં કરી છે ને ત્યાં કવિએ અવતરણો તરીકે સંસ્કૃત શ્લોકો આપવાને બદલે શ્લોકોના અર્થ સુંદર રીતે વાતમાં જ વણી લીધા છે. વિક્રમના રાજ્યનું વર્ણન કરતાં કવિ રાજ્યપ્રાપ્તિની હકીકત હોરકેલસીને અનુસરીને આપે છે. વિક્રમ વૈતાળને ભક્ષ્ય આપે છે. એક દિવસે પોતાનું આયુષ્ય પૂછે છે— એમાં કંઈ ફેરફાર થઈ શકે તેમ નથી એમ જાણી વિક્રમ બલિદાન આપવાનું બંધ કરે છે. વૈતાળ આવે છે, ગુસ્સે થાય છે, લડવા તૈયાર થાય છે. વિક્રમ નિર્ભીકપણે તેને તલવાર આપે છે, વૈતાળ એની નીડરતાથી પ્રસન્ન થઈ વરદાન આપીને ચાલ્યો જાય છે.

---

* શામળે એનાં આખ્યાનોમાં 'કડવાં'ને બદલે 'મીઠાં' શબ્દનો પ્રયોગ કર્યો છે. એના અગાઉ રાજે પણ આવો જ પ્રયોગ કર્યો છે. સુંદરજીએ એના બધાથી પહેલાં આ પ્રયોગ કર્યો છે.

વિક્રમનો ભેટો થાય છે, સુપ્રતિષ્ઠપુરની ગાદી હોય છે, એ પૃથ્વી ઉજ્જ્વળ કરે છે, ઈંદ્ર તેનો મિત્ર બને છે અને તેને સિંહાસન ભેટ મોકલે છે. પૂર્ણ આયુષ્ય ભોગવી વિક્રમ શાલિવાહન સાથેના યુદ્ધમાં અનેક યોદ્ધાઓનો સંહાર કરી, દિવ્યગતિ પામી સ્વર્ગે જાય છે અને ત્યાર પછી તેનો પ્રધાન આ સિંહાસન દટાવી દે છે – આ બધી વિગત કવિ શામળભટ્ટ પ્રાસાદિક ભાષામાં, વર્ણનોનો મોહ રાખ્યા સિવાય કહી જાય છે. કવિની આખી કૃતિમાં વિવિધ લક્ષણોનો ભાર જેવો છે, પણ એ વર્ણનો નથી કરી શકતો એ તેની અશક્તિનો દોષ નહીં પણ શક્તિશાળીનો ભારે એવા સંયમને જ કારણે જ એવું આ આખી કૃતિ જોયા પછી લાગ્યા સિવાય રહેતું નથી.

કવિ દરેક વાર્તામાં પૂતળીનું નામ આપ્યું છે, માત્ર એક વાર્તા ૧૬ માં પૂતળીનું નામ આપવાનું ભૂલી ગયા છે. ઉપસંહારમાં કવિ પૂતળીઓના શાપની કે એમણે વિક્રમનું ગુણગાન કર્યું અને ભોજે એ સાંભળ્યું તેથી શાપનિવૃત્તિની હકીકત બિલકુલ નોંધતો નથી અને સિંહાસન પૃથ્વીમાં દાટી દે છે.

આ વાર્તા આખ્યાનપદ્ધતિએ રચાયેલી છે એ એની બાજુ વિશેષતા કહેવાય. સામાન્ય રીતે લોકવાર્તા પ્રબંધપદ્ધતિમાં રચાય છે અને તેમાં દોહરા (પૂર્વછાયો) અને ચોપાઈ મુખ્ય છંદો હોય છે. અહીંયાં કવિએ વિખ્યાત ગુજરાતી આખ્યાન-કાવ્યોની પદ્ધતિએ રચના કરી છે ને એમાં જુદીજુદી દેશીઓનો–દેશી રાગોનો ઉપયોગ કર્યો છે. આવા રાગો બેરાડી, કેદારો, આંદોલ–આશ ભાસી, મેવાડો, સોરઠ, મધુરલલિત, ચોપાઈ, કાનડો, ઓડવ, રામગ્રી, ઢાળ, ધન્યાશ્રી, ચેહોગાડો, રામગ્રી અને ગુર્જરી – વગેરે છે. ઘણે સ્થળે એક જ રાગમાં બે ભાગ લખ્યા છે તો કેટલેક સ્થળે કાનડો, બેરાડી વગેરે રાગો બેવડાયા પણ છે. આખી વાર્તા ૧૨૨૨ કડીમાં લખી છે. મોટાંભાગે ચરણાંતમાં કવિએ આંક મૂક્યા છે એટલા એ મૂળ ભણિતાની પણ હોય. કવિએ આ રાગોને ગેય બનાવવાનો પ્રયત્ન કેટલેક સ્થળે કર્યો છે ને ત્યાં વાણી ધ્રુવપંક્તિઓ મોટાંની પંક્તિઓને અંતે નોંધ્યો છે એને આધે કાવ્ય ભલકારીનો ગાઈ શકાતું હશે અને વધારે આકર્ષક બનતું હશે. સામાન્ય રીતે ગુજરાતી આખ્યાન માટે એમ કહી શકાય કે એ ભલકારીને વાંચી સંભળાવવા માટે રચાતાં અને એના નાટ્ય-સૌંદર્યની અસર શ્રોતાજનો ઉપર સારી થતી. આ કૃતિની દેશીઓમાં આવતા પ્રાસાનુપ્રાસ, પંક્તિઓની વચ્ચે આવતી પ્રાસની વિવિધ ભાતની રચના તેમ જ 'રૂડા રાય જી' અને 'આનંદ રેલ જી' જેવાં ધ્રુવપદો તેમ જ 'ભૂપ ભોજ જી' અને 'રૂપ-ગાળો જી' જેવી પંક્તિઓને અંતે આવતો 'જી' શબ્દ, 'મૂરખ બાળ જી', 'ગુણ ગાઉ જી' વગેરે જેવાં ધ્રુવપદો ઉપરથી આ વાર્તા કોઈને કોઈ રીતે ગાઈને સંભળાવવા માટે રચાઈ હશે એમ લાગે છે.

કવિએ વાર્તારચનામાં કેટલેક સ્થળે સુંદર ભાવ ગોઠવ્યા છે, જે પ્રાસાદિકતામાં ઉમેરો કરવા સાથે એક પ્રકારની કાવ્ય-ચમત્કૃતિ પેદા કરે છે. જેમ કે:-

સિંદૂર શોભિત, અંગલોભિત, ભ્રમર મોહિત કામ ।
ચંદ્ર ભાલે વેરા વાલે, વિશાલે અભિરામ ॥ ૬ ॥
માતંગ વદને, એક રદને, વિશાલ નૈન પ્રકાશે ।
ચાલત ઠુમક ઝુમિત ઠુમક વિઝુમક આવિર્ભાવે ॥ ૭ ॥
શૃંગાર ભાવે સાર હાવે ગાવે સદા પ્રેમ ।
મોદક આહારી ફરસીધારી દુઃખહારી નામ ॥ ૮ ॥
ફરશી પાણી લાય ન આણે વખાણે શું દાસ ।
ઉંદરાળો પરદાન વાળો વેરાળો કૃપાળ ॥ ૯ ॥
મહાદેવ તાતે ગૌરી માતે દેવાધિ જાતે ધન ।
બુધ બુધ દાતા બે સુત લક્ષ લાભ પ્રસન્ન ॥ ૧૦ ॥
રિદ્ધિ સિદ્ધિ કુમારી આલી તારકી ભોજન માન ।
કુશલ ક્ષેમે જટિલ તો ત્રિચિત પ્રેમે ગાન ॥ ૧૧ ॥
પરિવાર ઓઢેલો જે ડંકો જેહેલો તેહેલો મહિમાય ।
હૃદે ધરતાં ગાન કરતાં સ્મરતાં સુખ થાય ॥ ૧૨ ॥
અનુપમ લાગે ભાગ્ય જાગે ભવ ભાગે જેમ હોય ।
વિવિધ વચને રસિક રચને ચિત્તને પવિત્ર થાય ॥ ૧૩ ॥
શ્રી ગુરુ ચરણે નમું શરણે દેહું દેવ ધ્યાને દીન ।
નથી લહું જડતા લહું તો કેમ કહું મતિ હીન ॥ ૧૪ ॥

– – – – – – – – –

ગજકર્ણ ગજદંત, ભવાની માતૃશ્રી મનનં ભજ ।
જગતવંદની પ્રગટ નંદની વખાણી ધનધન્ય ॥ ૧૬ ॥
પ્રેમવંદની આશ પાળિની પ્રાણીની તું માત ।
મનરંજની ભયભંજની ખલગંજની જગખ્યાત ॥ ૧૭ ॥
સુર અસુર પૂજે દુઃખ ધ્રુજે બુદ્ધિ સૂઝે માય ।
દાસનો મન વાસ કીજે આસન પૂરી ધ્યાન ॥ ૧૮ ॥
(ચાલુ રહેશે)

આમ કવિ જ્યાં જ્યાં સ્થળે જે શક્તિ પ્રગટ કરી છે તે એની આખી કૃતિમાં પ્રાસાદિકતારૂપે પ્રગટ થઈ છે. આ કૃતિમાં ભાષાનું સંપૂર્ણ સ્વરૂપ ક્યાંયે સ્થળે જોવા મળતું નથી, કેમ કે ઘણાં શબ્દોમાં [illegible] આવ્યું નથી. પ્રાસની સાંકળ પંક્તિઓની અંતે કવિ વિશેષરૂપે કરે છે. આખી કૃતિમાં એવા પ્રાસ તો બહુ સ્વાભાવિક રીતે મેળવ્યા છે. એમ કરવામાં કોઈ પરાણે શબ્દનો મરોડો પડ્યો હોય એટલા અર્થનો ફેરફાર પડ્યો હોય એવું પણ જોવા મળતું નથી. પ્રાસાદિકતાને લીધે એની આખી કૃતિ ખળખળાટ વહી જતા નદીના પ્રસન્ન પ્રવાહ જેવી આહ્લાદક લાગે છે.

તેમ છતાં સંસ્કૃત તત્સમોના ભારથી કવિતામાં ક્યાંય કૃત્રિમતા આવવા દીધી નથી. કવિનું જેમ વૈદક શાસ્ત્રનું જ્ઞાન ઊંડું છે તેમ જ સંસ્કૃત પણ એમને ખૂબ જ પરિચિત છે. એમના કુટુંબની પરંપરામાંથી જ એમને સંસ્કૃત વારસામાં મળેલું છે. અહીં કવિએ એ પણ કહ્યું છે કે તેમ એમના કુટુંબમાં ગામમાંથી બાળકો પણ સંસ્કૃત બોલતાં. કવિ ઉપરથી કવિનું વિવિધ વિષયોનું જ્ઞાન અપાર હોય છે, પણ આ કૃતિ અહીંથી વિદ્વત્તાનું પ્રદર્શન કરવા લખી નથી; માત્ર સામાન્ય મનુષ્યોને આ સંસ્કૃતમાંથી લીધેલી વાતોથી અનુભવ મળે તે હેતુથી રચી છે. જુઓ:-

સ્વજન મિત્રની મહત્તા વિશે હું જે પાળીને અંગીકાર ।
હૈયાને અતિ આદર દીધો ગમન ઔષધિ સાર ॥૧૧॥

આપે સિંહાસન બનાવી વિક્રમ નૃપતિ ... ।
એ ગ્રંથ જાણું તેમાં કંઈ આગમ સંસ્કૃત વાણી ॥૧૬॥

ભાષામાં કહો તો સાંભળીએ શી વિસ્તારે ગાઉં ।
કૃપાળુ વિનતિ આસ ... કરી પરિમાણ ॥૧૭॥

(- એજ, એજ)

એમ ઉપરાંત કવિએ આ કૃતિ માત્ર ૧૭ દિવસમાં જ પૂરી કરી છે એમ પણ એમણે વાર્તા કહેવામાં જે ઝડપથી કામ લીધું છે તેનો ખ્યાલ આપે છે.(એજ, કડી ૧૧)

કવિના માનસમાં આ કૃતિની રચના વખતે કાલિદાસની વિખ્યાત કૃતિ 'રઘુવંશ'નો ખ્યાલ હશે, એમ નીચેનાં અવતરણો ઉપરથી લાગે છે:-

જો કે મતિ તો વિસ્તાર મોટા ... ગ્રંથ ।
કવિનાથની ગતિ ન જાણું, પામ અગોચર પંથ ॥૧૯॥

ક્યાં સૂરજ ને દીવા ... જેમ લેવાનો ઘાવ ।
મોટી કીર્તિ ... જગમાં ... ॥૨૦॥

ભીંજડો રૂપમાં ... લઘુ છું ... ।
કૃત રચીને ... કરવા છે ... કામ ॥૨૧॥

હીર ... ।
તો આવો ... ॥૨૨॥

(એજ, એજ)

આમાં વિદ્વાનોના અનુકરણ તો છે જ, તો ઉપરાંત કવિના સમયના સમાજની ઝાંખી પણ આ પંક્તિઓમાંથી થાય છે. કવિ અમુક બાબતો પણ 'આઝો' ... દર્શાવે છે.

આગળ વાર્તામાં (કડવું-૧૬) કવિ ક્રોધની મહિમા કરે છે, જુઓઃ-

ક્રોધે ધોયા ત્રિભુવનથી સંચરતાં ક્રોધે બાંધ્યા જંગ ॥૬॥
ક્રોધે શું આવ્યો ગજમસ્તકે સિદ્ધ લાગે મન માંહે ।
ક્રોધે શું કોઈ ડીંગા વાજે, ક્રોધે નારી માંહે ॥૭॥
ક્રોધે માતપિતા દુઃખ પામ્યાં, છોરાં રીસ ચઢાવે ।
ક્રોધ હોય ત્યાં વેરી કરે જોડી, ક્રોધે વહુ વેર વસાવે ॥૮॥
ક્રોધે વડો રાવણ સહુ કાઢ્યો કહેવાણો મહારાજ ।
ક્રોધ હોય ત્યાં દૂરે ભાગતો, ક્રોધે ખોયો રાજ ॥૯॥
ક્રોધ હોય ત્યાં માન્ય ખાસડે, ક્રોધે નીરખે વાંકો ।
ક્રોધે વડો કુળ મોટું કહાવે, ક્રોધે રાજ પ્રયાણ ॥૧૦॥
ક્રોધે કૌરવનો ક્ષય કીધો, ધન વિના ઝાડ થાય ખોયો ।
ક્રોધે સર્વ પરાક્રમ ખોયો ક્રોધે ગાદીમાં વહેણો ॥૧૧॥

- - - - - - - - -

આખ્યાનોની પરંપરામાં પ્રેમાનંદ સુધીના કવિઓએ ગુજરાતી આખ્યાન સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે તેનું સ્મરણ આ કવિ વાંચતાં કેમ વિસરાય રહેતું નથી; જો કે આણે પૌરાણિક કે ભક્તિપરિણામક આખ્યાનોના વસ્તુ વિષય પરત્વે મહત્વનાં લક્ષણો હાજર નથી અને આખ્યાન પદ્ધતિનો પ્રયોગ કવિએ લોકવાર્તાની રચના માટે કર્યો છે. આખ્યાન પદ્ધતિનો સર્વોત્તમ કવિ પ્રેમાનંદ જેમ જુદા જુદા રસસભર પ્રસંગોને વિકસાવે છે તેમ આ કવિએ કર્યું નથી; તો બીજી બાજુ પ્રેમાનંદ પૌરાણિક કથાનકોનું નિરૂપણ કરતાં, પાત્રોને પોતાના સમયનાં ગુજરાતી નરનારીઓ બનાવી દે છે એની કેટલીક અસર સુધ્ધાં આ કાવ્ય પર અંશે એમના ગૌરવનો લાભ લીધો છે એવું પણ કવિએ ક્યાંય કર્યું નથી. ભાષા પ્રભુત્વ, શૈલી તથા ઊંડુ પ્રભુત્વ, પ્રવાહશક્તિ અને નાટ્યાત્મકતામાં આ કવિ, ભાલણ અને પ્રેમાનંદની આડ આવે એવો છે; તેમ જ લોકવાર્તાઓની શૈલી ઢાળોમાં ગૂંથનાર કોઈક જૂના કવિઓમાં એમની ગુણવત્તાએ કાવ્યો મહત્વનું સ્થાન પ્રાપ્ત કરે છે.